સૌરાષ્ટ્રમાં ટાઢોડું યથાવત્ : ગિરનાર પર ૬.૩ ડિગ્રી તાપમાન

હજુ ૫ દિવસ રહી શકે ઠંડીનો ચમકારો, ૭ ડિગ્રી સાથે નલિયા સૌથી ઠંડું

તસવીર : દિલિપ ગોહેલ

કયાં, કેટલી ઠંડી ?

શહેર	તાપમાન
ગિરનાર	૬.૩
નલિયા	૭
કેશોદ	૧૦.૪
ગાંધીનગર	૧૦.૮
રાજકોટ	૧૦.૯
ભુજ	૧૧
ડીસા	૧૧.૪
અમદાવાદ	૧૨.૫
વડોદરા	૧૩.૨
સુરેન્દ્રનગર	૧૩.૫
મહુવા	૧૪.૩
પોરબંદર	૧૪.૫

રાજકોટ

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં માવઠા બાદ ઠંડીનો રાઉન્ડ શરુ થયો છે. લઘુત્તમ અને મહત્તમ તાપમાનનો પારો ગગડતા અને શીત લહેરો ફૂંકાવાના કારણે સૌરાષ્ટ્ર ટાઢુંબોળ થઈ ગયું હતું. મોટાભાગના શહેરોમાં ધ્રુજાવી દે તેવી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે ત્યારે આજે ગિરનાર પર્વત પર ૬.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તો ૭ ડિગ્રી સાથે નલિયા રાજયનું સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. હવામાન વિભાગે કરેલી આગાહી અનુસાર પાંચ દિવસ તાપમાનમાં કોઈ ફેરફાર થશે નહીં એટલે કે હજી પાંચ દિવસ આ જ પ્રકારનું હવામાન રહેતા ઠંડીનો ચમકારો જોવા મળી શકે છે. જોકે ત્યારબાદ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થઈ શકે છે અને ઠંડીનું જોર ઘટી શકે છે.

જુનાગઢઃ સોરઠમા શિયાળાએ ઉગ્ર મિજાજ ધારણ કરતા સર્વત્ર ટાઢોડું છવાયું છે, તાપમાનનો પારો ૧૦.૩ ડિગ્રી એ પહોંચતા લોકો ઠંડીમાં ઠુઠવાવા લાગ્યા છે. ગિરનાર પર્વત પર તાપમાનનો પારો ૬.૩ ડિગ્રીએ પહોંચતા હિમાલયની અનુભૂતિ થવા લાગી છે પક્ષીઓ નો કલરવ શાંત થઈ ગયો છે કાતિલ ઠંડી થ બચવા લોકો આપણા અને ગરમ વસ્ત્રોના સહારે મુકાયા છે.જામનગરઃ છેલ્લા ૨૪ કલાકમાં અડધા ડીગ્રીના ઘટાડા સાથે લઘુતમ તાપમાન ૧૩ ડિગ્રી નોંધાયું હતું. પવનની ગતિ વધુ રહેતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી અને રાતથી વહેલી સવાર સુધી ઠંડીનો ચમકારો યથાવત્ રહ્યો હતો.

ભર શિયાળે આજી-૧ ડેમમાં નર્મદા નીર ઠલવાયા

રાજકોટ શહેરને પીવાનુ પાણી પુરુ પાડતા સ્ત્રોત પૈકી આજી અને ન્યારી ડેમ ડેડ લેવલ નજીક હોવાથી મનપા દ્વારા પાણી પુરવઠા બોર્ડ પાસે બંન્ને ડેમમાં સૌની યોજના અંતર્ગત નર્મદા નીરની માંગણી કરવામાં આવેલ જેમાં આજ સવારથી આજી-૧ ડેમમાં નર્મદા નીર ઠલવવાનું શરૂ કરવામાં આવ્યું છે. મચ્છુ ડેમ ખાતેથી પંમ્પીંગ કરી બે દિવસ પહેલા પાણી છોડવામાં આવેલ જે આજે વહેલી સવારે આજીડેમના સ્ત્રાવ વિસ્તારમાં પહોંચ્યા હતા. તેમજ આગામી ૧૫ જાન્યુઆરી બાદ ન્યારી-૧ ડેમમાં પણ નર્મદા નીર ઠલવવામાં આવશે. તેમ પાણી પુરવઠા બોડના સુત્રોમાંથી જાણવા મળેલ છે.

કોર્પોરેશનના વોટર વકેસ શાખાના ઈજનેરી સૂત્ર પાસેથી

તસવીર : દિલિપ ગોહેલ

પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ ચોમાસાની સિઝનમાં આજી અને ન્યારી ડેમ ઓવરફ્લો થાય તો પણ ચોમાસા સુધી પાણી વિતરણ વ્યવસ્થા જાળવી રાખવા માટે બંને જળાશયોમાં દર વર્ષે ૨૬૦૦ એમસીએફટી નર્મદાના નીર ઠલવવા પડે છે.આ વર્ષે સૌરાષ્ટ્ર બ્રાન્ચ નર્મદા કેનાલની મરામત કામગીરી હાથ પર લેવાની હોવાના કારણે આગામી એપ્રિલ અને મે માસ દરમિયાન રાજકોટને નર્મદાના નીર મળે તેમ ન હોવાના કારણે કોર્પોરેશન દ્વારા ૨૬૦૦ એમસીએફટીના બદલે રાજય સરકાર પાસે ૩૧૫૦ એમસીએફટી નર્મદાના નીરની માગણી કરવામાં આવી છે. મનપાના વોટર વર્કસ વિભાગમાંથી પ્રાપ્ત થયેલ વિગત મુજબ આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં વરસાદી પાણીની સંગ્રહ શક્તિ દિવસે દિવસે ઓછી થતી જાય છે. બંન્ને ડેમમાં કાંપનું પ્રમાણ વધી જતા દર વર્ષે ચોમાસાના પાણી ઉપરાંત બે વખત સૌની યોજનાના નર્મદા નીર લેવામાં આવી રહ્યા છે.

મનપાનાં આસિ. એન્જિનિયરને પેટા કોન્ટ્રાક્ટરે ફડાકો ઝીંક્યો

રાજકોટ કોર્પોરેશન કચેરી એન્જિનિયરિંગ એસો. દ્વારા રામધૂન બોલાવી વિરોધ, કામગીરીનો બહિષ્કાર અને હડતાલની ચીમકી

તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટઃ રાજકોટ મહાનગરપાલિકાના ઈસ્ટ ઝોન કચેરીમાં આજે ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં કામના ભારણ અને સમયની ખેંચતાણ વચ્ચે એક પેટા કોન્ટ્રાક્ટરે ફરજ પરના આસી. ઈજનેરને જાહેરમાં ફડાકો ઝીંકતા સમગ્ર મનપા તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. આ ઘટનાના વિરોધમાં મનપાનાં એન્જિનિયરિંગ એસોસિએશન દ્વારા મનપા કચેરી ખાતે રામધૂન બોલાવી વિરોધ કરવામાં આવ્યો છે. અને તાત્કાલિક અસરથી કામગીરી અટકાવી દેવામાં આવી છે. તેમજ કોન્ટ્રાક્ટરને બ્લેકલીસ્ટ કરવા એન્જીનીયર એસોસિએશન દ્વારા માંગ કરવામાં આવી છે. આ ઘટનાની જાણ થતા જ રાજકોટ મહાનગરપાલિકા એન્જિનિયરિંગ એસોસિએશનના હોદેદારો અને અન્ય કર્મચારીઓ મોટી સંખ્યામાં ઈસ્ટ ઝોન કચેરીએ એકઠા થયા હતા. કર્મચારીઓએ આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢી છે અને ફરજ પરના અધિકારી પર થયેલા હુમલાને ગંભીર ગણાવ્યો છે. એસોસિએશન દ્વારા તાત્કાલિક ધોરણે કામગીરીનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. કર્મચારીઓએ કચેરીના પટાંગણમાં બેસીને રામધૂન બોલાવી મનીષ વેકરિયા સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરી છે. મનપા એન્જિનિયરિંગ એસોસિએશને સ્પષ્ટ ચીમકી આપી છે કે, જો આ મામલે સત્વરે નક્કર પગલાં લેવામાં નહી આવે અને એજન્સી વિરુદ્ધ કડક કાર્યવાહી નહી થાય, તો બધા એન્જિનિયરો આગામી સમયમાં સ્ટ્રજજ ઝન ઉપર ઉતરી જશે, જેના કારણે શહેરના વિકાસના કામો અટકી શકે છે. રાજકોટ મહાપાલિકાના ઈસ્ટ ઝોન વિભાગમાં આસી. ઈજનેર તરીકે ફરજ બજાવતા ધવલ ગોલાણીયાએ જણાવ્યું હતું કે, હાલ વોર્ડ નંબર ૧૮માં પેવિંગ બ્લોક નાખવાની કામગીરી ચાલી રહી છે. આ કામનો મુખ્ય કોન્ટ્રાક્ટ 'પટેલ કન્સ્ટ્રક્શન એન્ડ કંપની' પાસે છે, જયારે તેની પેટા કામગીરી (સબ-કોન્ટ્રાક્ટ) મનીષ વેકરિયા સંભાળી રહ્યા છે. આજે ઓફિસનાં સમય દરમિયાન, રૂમ નંબર ૧૫માં ડેપ્યુટી સાહેબની ચેમ્બરમાં કામની આગળની વિગતો અને માર્ગદર્શન લેવા બાબતે બેઠક યોજાવાની હતી. આ માટે પોતે મનીષ વેકરિયાને સવારે ૧૧:૦૦ વાગ્યે મળવા બોલાવ્યા હતા. જોકે રાજયમાં યોજાનાર 'વાયબ્રન્ટ ગુજરાત' કાર્યક્રમની તૈયારીઓ ચાલી રહી હોવાથી તેઓ અન્ય વહીવટી કામગીરીમાં વ્યસ્ત હોવાથી નિયત સમયે મળી શકયા નહોતા અને મનીષ વેકરિયાને મળવામાં અંદાજે ૧૧:૩૦ વાગ્યા જેટલો સમય થયો હતો.

રાજકોટમાં એક સપ્તાહમાં શરદી, તાવ, ઉધરસના ૧૮૨૪ કેસ નોંધાયા

રાજકોટ,રાજકોટ શહેરમાં એક સપ્તાહ દરમિયાન શરદી, તાવ, ઉધરસના ૧૮૨૪, ઝાડા-ઉલ્ટીના ૨૧૨, ટાઈફોઈડનો ૧ અને કમળાના નવા ૨ કેસ નોંધાતા ગંદકી અને મચ્છર ઉપત્પદી સબબ ૧૮૨ એકમોને નોટિસ ફટકારી હતી. તેમજ પાણીના ૫૫૫ કોલોરીન ટેસ્ટ લઈ રીપોર્ટ તૈયાર કરેલ જેમાં સબબ સલામત હોવાનુ જણવવામાં આવ્યુ છે.

પાણી જન્ય અને મચ્છર જન્ય રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૨૯/૧૨/૨૦૨૫ થી તા.૦૪/૦૧/૨૦૨૬ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ ૨૧,૫૬૯ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૭૫૬ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ હતી.

આરોગ્ય વિભાગ દ્વારા મચ્છરની ઘનતા

તસવીર : દિલિપ ગોહેલ

વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ તથા ડેન્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો

કમળાના નવા ૨ કેસઃ તકેદારીના પગલા રૂપે પાણીના ૫૫૫ સેમ્પલ લીધા

જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે.

આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૨૮૨ પ્રીમાઈસીસ (બાંધકામ સાઈટ, સ્કૂબલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ / વાડી / પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરે) નો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૧૩૨ અને કોર્મશીયલ ૩૦ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.

રાજકોટમાં કારખાનાઓની ઓરડીમાં સુતેલા મજૂરોના મોબાઈલ ચોરનાર શખ્સ પકડાયો

ચોરાઉ ફોન વેંચવા નીકળતા પકડાયો : ૨૧ મોબાઈલ ફોન કબ્જે લેવાયા

રાજકોટ,રાજકોટ શહેરમાં અલગ અલગ ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં રહેતાં મજુરોની ખુલ્લી રૂમોમાં પ્રવેશ કરી મોબાઈલ ફોન ચોરીના ગુનાઓનો ભેદ તાલુકા પોલીસે ઉકેલી મુળ યુપીના ગોંડાના અને હાલ રાજકોટ ૮૦ ફુટ રોડ થારાળા ન્યુ સર્વોદય સોસાયટી-૪માં રજનીશભાઈ પટેલના કારખાનાની ઓરડીમાં રહેતાં સોનુ રોજઅલી ખાન (ઉ.વ.૨૬)ને પકડી લઈ રૂા. તેણે ચોરેલા ૨૧ મોબાઈલ ફોન કબ્જેફ કર્યા છે.

જાણવા મળ્યા મુજબ તાજેતરમાં રાજકોટના વાવડી ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં ફાલ્કન પંપ નજીક આવેલા કારખાનાની ઓરડીઓમાં સુતેલા મજૂરોના સાત મોબાઈલ ફોન ચોરાઈ ગયા હતાં. આ ઉપરાંત અઠવાડીયા પહેલા લોઠડા ઈન્ડસ્ટ્રીયઅલ એરીયામાં પણ કારખાનાની રૂમમાં સુતેલા મજૂરોના મોબાઈલ ફોન પણ ચોરાઈ ગયા હતાં. આ મામલે તાલુકા અને આજીડેમ પોલીસે ગુના દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન તાલુકા પોલીસની ડી. સ્ટાફના હેડકોન્સ. અજયભાઈ ભુંડીયા, અક્ષયભાઈ નાથાણી, કોન્સ. ઉગાભાઈ બાળા અને કોન્સ. મોનીકાબેન ભુવાને બાતમી મળી હતી કે નાના મવા રોડ ભીમનગર સર્કલ પાસે શનીવારી બજારમાં મચ્છી માર્કેટ રોડના પુલ પાસે એક શખ્સ શંકાસ્પદ મોબાઈલ ફોન વેંચવા આવ્યો હોવાની બાતમી આધારે સોનુ ખાનને ઓકડતા વાવડી અને લોઠડા ઈન્ડસ્ટ્રીયલ એરીયાના કારખાનાના રૂમોમાં સુતેલા મજૂરોના ફોન ચોરી લીધાનું કબુલ્યું હતું. આ ઉપરાંત કોઈ રોડ પર સુતા હોય અને ફોન હોય તો તે પણ ચોરી લેતો હતો.

સિંહણનું ટ્રાન્ક્વિલાઈઝર લાગી ગયા બાદ સારવાર બેઅસરઃ ટ્રેકરનું મોત

૪ વર્ષના બાળકને સિંહણે હુમલો કરીને મોતને ઘાટ ઉતાર્યો હતોઃ સિંહણને પાંજરે પૂરતી વખતે મિસ ફાયરથી વનકર્મીનો જીવ ગયો

જૂનાગઢ, વિસાવદરના નાની મોણપરી ગામમાં માસૂમ બાળકને ફાડી ખાનાર માનવભક્ષી સિંહણને પાંજરે પૂરવા ગયેલી વન વિભાગની ટીમ પર કુદરત રુઠી હોય તેવી ઘટના બની છે. સિંહણને બેભાન કરવા માટે છોડવામાં આવેલું એનેસ્થેસિયાનું ઈન્જેક્શન ભૂલથી વન વિભાગના ટ્રેકરને વાગતા, ટૂંકી સારવાર બાદ તેમનું કરુણ મૃત્યુ થયું છે. ગિરના ઈતિહાસમાં આ પ્રકારની આ પ્રથમ ઘટના હોવાનું મનાય છે.

આ અંગેની વિગત પ્રમાણે વિસાવદર તાલુકાનાં નાની મોણપરી ગામે પેટિયું રળવા આવેલા શૈલેષભાઈ પારગીનો પુત્ર શિવમ (ઉં.૪) તથા શૈલેષભાઈનો ભાઈ વાડીમાં રમતા હતા. ત્યારે એકાએક સિંહણ ત્યાં ચડી આવી શિવમને ઉઠાવી તુવેરના પાકમાં ઢસડી ફાડી ખાધો હતો. માસુમ પુત્ર નજરે ન પડતા પરિવારે શોધખોળ આરંભી હતી. આ અંગે વાડી માલિકને જાણ કરતા તેઓએ વન વિભાગને જાણ કરતા જ વિસાવદર વન વિભાગનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવી શોધખોળ કરતા સિંહણના પગના નિશાન નજરે પડ્યા હતા. તેથી બાળકને શોધવા માટે વન વિભાગના કર્મચારીઓ તુવેરના પાકમાં શોધખોળ કરી રહ્યા હતા, તેવામાં સિંહણના સગડ મળતા વન વિભાગના કર્મચારીઓએ માનવભક્ષી સિંહણને બેભાન કરવા ગનમાથી ડાર્ટ છોડતા નિશાન ચૂકાતા ટ્રેકર અશરફ અલી ચૌહાણ (ઉ. ૨૮) ને ગોળી વાગી હતી. આ સાથે જ વનકર્મચારીઓએ સિંહણને પકડવાનું પડતું મૂકી ગંભીર રીતે ઘવાયેલા ટ્રેકર અશરફને લોહી લુહાણ હાલતમાં જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. ત્યાં તેનું સારવાર દરમિયાન મૃત્યુ થતા શોક છવાયો હતો. સિવિલ હોસ્પિટલમાં મૃતકના પરિવારજનોના આક્રદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.

રાજકોટમાં ગાયકવાડીની મિલકતનો સોદો કરી વકીલ સાથે રૂા. ૫૧ હજારની ઠગાઈ

જે મિલકતનો સોદો વકીલ સાથે કર્યો હતો તે મિલકત બીજી પાર્ટીને વેંચી દીધી : ફરિયાદ

રાજકોટ,રાજકોટના જામનગર રોડ પરના ગાયત્રીધામમાં રહેતા અને શીતલ પાર્ક ચોક પાસે આર.કે. વર્લ્ડ ટાવરમાં ઓફિસ ધરાવતા એડવોકેટ દુર્ગેશભાઈ ગોરધનભાઈ ધનકાણી (ઉ.વ.૩૬) સાથે મકાનનો સોદો કરી આરોપી તેજસ અમૃતભાઈ ગાળિયા (રહે. ગાયકવાડી)એ રૂા. ૫૧ હજારની છેતરપિંડી કર્યાની ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.જેમા દુર્ગેશભાઈએ જણાવ્યું છે,તેઓ ૧૫૦ ફૂટ રિંગ રોડ શીતલ પાર્ક ચોક ખાતે આર.કે વર્ડટાવર ઓફિસ નંબર-૪૨૬/૪૨૭ ખાતે ઓફિસ રાખી વકીલાતનું કામ કરતા હોય અને પ્રોપટીમાં ઈન્વેસ્ટમેન્ટ કરવું હોય જેથી મિત્ર દિલીપભાઈ ડુંગરિસ જોબનપુત્રા નો સંપર્ક કરેલ જે જમીન મકાનનું લે-વેચનું દલાલીથી કામ કરતા હોય જેનો ટેલિફોનીક સંપર્ક કરી અને તેમને વાત કરી પ્રોપટીમાં ઈન્વેસ્ટમેન્ટ કરવું છે આ તેમને વાત કરતા તેમણે મને જણાવેલ કે તેજસ અમ્રુતભાઇ ગાળીયાની માલીકીનું ગાયકવાડી શેરી નંબર ૨/૯માં મકાન વહેચવાનું હોય અને જે મકાન બહારથી જોઇ અ ને દિલીપભાઈ જોબનપુત્રાનો સંપર્ક કરી મકાનનો સોદો કર્યો હતો. બદલામાં દિલીપને રૂા. ૨૩ હજાર અને આરોપીને રૂા. ૨૮ હજાર આપ્યા હતાં. તેણે મકાનના ઓરીજીનલ દસ્તાવેજની ફાઈલ માંગતા આરોપીએ બેંકમાં પડી હોવાનું જણાવ્યું હતું.એકાદ માસ બાદ તેને જાણવા મળ્યું હતું કે આરોપીએ તેની મિલકતનું ૨૦૦૭માં જ રાજેશભાઈને વેચાણ કર્યું છે.જેથી આરોપીને આ વાત જણાવતા માન્યો ન હતો.આ રીતે જે મિલકત હયાત ન હતી. તેનુંલખાણ કરી આપી છેતરપિંડી કરી હતી.

વેપાર ઉદ્યોગના સંગઠનોએ અનેક પ્રશ્નો વાયબ્રન્ટ સમિટ પૂર્વે રાજકોટ આવેલા નાયબ મુખ્યપ્રધાન સમક્ષ મૂક્યા

મોંઘી ઔદ્યોગિક જમીનો, સંરક્ષણ ઉદ્યોગ નીતિ અને કન્વેન્શન સહિતની ઉદ્યોગોની માગ

રાજકોટ, વાયબ્રન્ટ સૌરાષ્ટ્ર-કચ્છ સમિટ પૂર્વે નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવીએ આ પ્રદેશના ઉદ્યોગપતિઓ અને સંગઠનો સાથે વાટાઘાટ કરી હતી. તેમણે ઉદ્યોગોના સર્વાંગી વિકાસનો કોલ આપ્યો હતો. સૌરાષ્ટ્ર-કચ્છમાંથી ઉપસ્થિત અગ્રણીઓએ પોતાના પ્રશ્નો તેમને કહ્યા હતા. એમાં જમીનોના ભાવ, જીઆઈડીસી, ક્લસ્ટર, ઔદ્યોગિક નીતિ, વ્યવસાયવેરો ઉપરાંત કોસ્ટલ એરિયાના વિકાસ અંગેના અનેક પ્રશ્નો રજૂ થયા હતા.હર્ષ સંઘવી સોમવારે દિવસ દરમિયાન એક પછી એક ઉદ્યોગ સંગઠનોને મળતા રહ્યા હતા. આશરે ૪૦થી ૪૫ જેટલા વેપાર ઉદ્યોગના સંગઠનોએ પ્રશ્નો મૂક્યાં હતા. જેમાં રાજકોટમાં કન્વેન્શન સેન્ટર અને ઈનલેન્ડ કન્ટેઈનર ડેપો તાત્કાલિક બનાવવા માટેનો પ્રશ્ન મુખ્ય હતો. બન્ને પ્રોજેક્ટ સમગ્ર સૌરાષ્ટ્ર માટે ઉપયોગી બનવાના હોવાથી તેની પ્રક્રિયા શરૂ કરવા માટે કહેવામાં આવ્યું હતું.

રાજકોટ શહેરમાં અને આસપાસ નોંધાયેલા ૨.૩૨ લાખ લઘુ એકમો છે તેમના માટે નીતિગત સરળતા ખૂબ જરૂરી છે તેવી વાત થઈ હતી. કન્વેન્શન સેન્ટર માટે સ્માર્ટ સિટીમાં જગ્યા ફાળવી દેવામાં આવી છે પણ ટેન્ડર પ્રક્રિયા ખૂબ જ વિલંબથી આગળ વધે છે તે ઝડપી બનાવવી જોઈએ.રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈષ્ણવ બેઠકમાં હાજર રહ્યા હતા. તેમણે કહ્યું કે, સંરક્ષણ નીતિ પૂરી થઈ રહી છે ત્યારે રાજકોટમાં ક્લસ્ટર ઘોષિત કરવું જોઈએ. શહેરમાં કાસ્ટીંગ ફોજ'ગ સહિતના કામકાજ થાય છે એટલે બહુ સરળતા આ દિશામાં છે. સરકારે માંડવી પાસે કોસ્ટલ હાઈવે પર ડિફેન્સ ઝોન આપ્યો છે. જ્યાં એક પણ સંલગ્ન કંપની નથી જ્યારે રાજકોટમાં અનેક કંપનીઓ આ ક્ષેત્રમાં કામ કરવા આતુર છે.

ઉદ્યોગો માટે મોંઘી થઈ રહેલી જમીનો યક્ષ પ્રશ્ન છે. સરકારે જંત્રીના ૨૫ ટકા ભાવે જમીનો આપવી જોઈએ. એનાથી નાના સાહસિકોને પ્રોત્સાહન મળશે. બીજી તરફ મહારાષ્ટ્ર જેવા પાડોશી રાજ્યએ ગુજરાત કરતા પણ ઉદાર ઉદ્યોગ નીતિ જાહેર કરી છે અને હવે ગુજરાતે પણ આગળ ધપવું જોઈએ તેવી રજૂઆત કરવામાં આવી હતી.જીએસટીના અમલીકરણ પછી પણ વ્યવસાયવેરો અનેક રજૂઆતો પછી નાબૂદ થતો નથી. જેનો હિસાબકિતાબ ઉદ્યોગો અને નાના એકમો માટે માથાના દુઃખાવા સમાન છે જે દૂર કરવો જોઈએ.રાજકોટમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હોવા છતાં ક્સ્ટમ ક્લીયરન્સ મળ્યું છે પણ ઈમિગ્રેશન ક્લિયરન્સ નથી મળતું તે ઝડપી શરૂ કરાવીને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ ફાળવવી જોઈએ.ઈમિટેશન જ્વેલરીમાં રાજકોટ હબ છે છતાં ઈમિટેશન પાર્કની માગ સંતોષાતી નથી. સરકારે તાત્કાલિક ધોરણે આ દિશામાં ક્લસ્ટર મંજૂર કરીને ઉદ્યોગને આગળ ધપાવવો જોઈએ.નાયબ મુખ્યપ્રધાનની સાથે યોજાયેલી બેઠકમાં તમામ જીઆઈડીસીના વડા ઉપરાંત જામનગર, રાજકોટ, પોરબંદર, ભાવનગર અને જૂનાગઢ ચેમ્બર સહિતના વેપારી સંગઠનો હાજર રહ્યા હતા.

રાજકોટ સહિત અમરેલી, ભાવનગર જીલ્લામાં ધોળા દિ'એ મકાનને નિશાન બનાવનાર તસ્કર ત્રિપુટી ઝડપાઈ

વિંછીયા, બાબરા, ધંધુકા અને ઢસા પંથકમાં ચોરી કર્યાની કબુલાતઃ પાંચ લાખનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ, રાજકોટ જીલ્લાના વિંછીયા, બાબરા, ઢસા તથા ધંધુધા પંથકમાં ધોળા દિવસે બંધ મકાનને નિશાન બનાવતી તસ્કર ત્રિપુટીને રુરલ એલ.સી.બી.એ ૫ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ આ ટોળકીના અન્ય એક સાગ્રીતની શોધખોળ હાથ ધરી છે.

રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં વણશોધાયેલ ચોરી, લુંટ, ધાડના ગુનાઓ સત્વરે શોધી કાઢી આરોપીઓને પકડી પાડવા સુચના અને માર્ગદર્શન આપવામાં આવેલ હોય જે અન્વયે રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. રાજકોટ ગ્રામ્યના પોલીસ સબ ઈન્સ્પેકટર એચ.સી.ગોહીલ તથા પોલીસ સબ ઈન્સ્પ. આર.વી.ભીમાણી સ્ટાફ સાથે ગુનાની તપાસમાં હતા. જે દરમ્યાન વિંછીયા પો.સ્ટે.ના વણશોધાયેલ ઘરફોડ ચોરીનો ગુનો શોધી કાઢવા સારૂ બનાવ સ્થળ આજુબાજુના તેમજ હાઈવે રોડ વિસ્તારના સી.સી.ટી.વી. ફુટેજ ચેક કરી, ખાનગીરાહે મળેલ હકિકત આધારે આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓ પૈકી ત્રણ ઈસમોને ભરત ઉર્ફે પશુ મનુભાઈ જસમતભાઈ વાઘેલા, ઉ.વ.૨૩, ધંધો.ભંગાર વીણવાનો, રહે. નવાણીયા ગામ તા.વલ્લભીપુર, મુકેશ ઉર્ફે કાબલી ઉર્ફે ભોપો સ.ઓ. રમેશભાઈ દેવજીભાઈ સોલંકી, ઉ.વ.૩૨, ધંધો.લલાકડા કાપવાની મજુરી, રહે. ચોગઠ, તા.ઉમરાળા,રાજેશભાઈ સ/ઓ ભુપતભાઈ હિંમતભાઈ પરમાર, (વેડવા), ઉ.વ.૨૭, ધંધો. મજુરી, રહે. નાની પાણીયાળી ગામ (શેત્રુંજી ડેમ) તા.પાલીતાણા ને સોનાનો ઢાળીયો તથા એક નાનો ટુકડો આશરે ૫૩ ગ્રામ ૮૮૦ મી.ગ્રામ કિ.રૂ.૨,૬૯,૩૫૦, રોકડા રૂપીયા = ૧,૩૦,૦૦૦/-, ઘરફોડ ચોરીમા ઉપયોગમા લીધેલ સાધનો પાનુ/ડીસમીસ/કટીર કિ.રૂ.૨૫૦/-, મોબાઈલ ફોન નંગ-૦૨ કિ.રૂ.૧૫,૦૦૦/- તથા મોટર સાયકલ નંગ-૦૧ કિ.રૂ.૯૦,૦૦૦/- મળી કુલ મુદ્દામાલ કિ.રૂ. ૫,૦૪,૬૦૦/-સાથે ઝડપી લીધા હતા.

પકડાયેલા આરોપીઓએ આજથી આશરે દોઢેક મહીના પહેલા બાબરાના નાની કુંડળ ગામની વાડી સીમ, ૨૦ દિવસ પહેલા ધંધુકાના આંકરૂ ગામે એક બંધ મકાન ૧૦ દિવસ પહેલા ઢસાના સીતાપર ગામ તથા લીંબડીયા ગામમાં બે મકાનના તાળા તોડી તેમાંથી ચોરી કરેલ હોવાની કબૂલાત આપી હતી.

પકડાયેલ ભરત વાઘેલા અગાઉ ૨૨ મુકેશ સામે ૨૬ તથા રાજેશ સામે ૧૧ ગુન્હાવઓ નોંધાયા છે. જયારે સાગરીત સંજય ઉર્ફે સી.જે મનુભાઈ વાઘેલ રહે.નવાણીયા તા.વલ્લભીપુર જિ.ભાવનગર ફરાર હોય તેને પકડી લેવા તપાસ હાથ ધરી છે.